AICTE VAANI પ્રાયોજિત
બે દિવસીય રાષ્ટ્રીય સેમિનાર
વિષય:



# વિકસિત ભારત 2047:

## હરિત અર્થતંત્ર માટે ઊર્જા સંક્રમણ, ટકાઉપણું અને આબોહવા સ્થિતિસ્થાપકતાનું વ્યૂહાત્મક સંચાલન

***ઊભરતું ક્ષેત્ર "ઊર્જા ટકાઉપણું અને આબોહવા વિનિમય"***

**તારીખ: 11 અને 12 ડિસેમ્બર, 2026**

***સ્થળ: એમ. એસ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ, ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ***
***ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા***

વેબપેજ લિંક: https://aictevaanifmsb.in/

## AICTE - VAANI

AICTE-VAANI યોજના, જે વાઇબ્રન્ટ એડવોકસી ફોર એડવાન્સમેન્ટ એન્ડ નર્ચરિંગ ઓફ ઇન્ડિયન લેન્ગવેજ (VAANI) તરીકે પણ ઓળખાય છે, તે ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નિકલ એજ્યુકેશન (AICTE) દ્વારા તકનીકી શિક્ષણમાં ભારતીય ભાષાઓના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટેની એક પહેલ છે.

## યુનિવર્સિટી વિશે

ભારતની આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત **ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા (1949)** બરોડા કોલેજ (1881) માંથી વિકસી છે, જે પશ્ચિમ ભારતના સૌથી જૂના શિક્ષણ કેન્દ્રોમાંનું એક છે. ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા એકમાત્ર રાજ્ય યુનિવર્સિટી છે જે રહેણાંક (residential) અને એકાત્મક (unitary) સ્વરૂપ ધરાવે છે અને જેમાં અંગ્રેજી એકમાત્ર શિક્ષણ માધ્યમ છે. અહીં 1200 થી વધુ સુયોગ્ય અધ્યાપકો, 8.7 લાખ પુસ્તકો અને સામયિકો તથા 14,000 ડિજિટાઇઝ્ડ ડિસર્ટેશન્સો ઉપલબ્ધ છે, જે કેમ્પસમાં સર્વદેશી (cosmopolitan) જીવન જીવતા 50,000 થી વધુ વિદ્યાર્થીઓના અભ્યાસને સરળ બનાવે છે. યુનિવર્સિટીએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020 ના અક્ષરશઃ અને તેની ભાવના અનુસાર અમલીકરણ તરફ નોંધપાત્ર પ્રગતિ કરી છે. યુનિવર્સિટીનો સમૃદ્ધ વારસો **નોબેલ વિજેતા ડૉ. વેંકટરામન રામકૃષ્ણન, શ્રી અરવિંદ, ભારત રત્ન આચાર્ય વિનોબા ભાવે, જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા શ્રી રાજેન્દ્ર શાહ, ડૉ. આઈ. જી. પટેલ, લોર્ડ ભીખુ પારેખ, શ્રી સામ પિત્રોડા, પ્રો. કે. જી. સુબ્રમણ્યન** અને અન્ય અનેક દિગ્ગજોના નામોથી શોભે છે.

આ યુનિવર્સિટી 275 **એકર જમીન** ધરાવે છે અને તેમાં **14 ફેકલ્ટીઓ** (***કલા, વાણિજ્ય, શિક્ષણ અને મનોવિજ્ઞાન, કુટુંબ અને સમુદાય વિજ્ઞાન, લલિત કલા, પત્રકારત્વ અને સંદેશાવ્યવહાર, કાયદો, મેનેજમેન્ટ સ્ટડીઝ, તબીબી વિજ્ઞાન, પ્રદર્શન કલા, વિજ્ઞાન, સામાજિક કાર્ય, ટેકનોલોજી અને ઇજનેરી તથા ફાર્મસી***) છે, જેમાં **90 વિભાગો**, 3 સહભાગી કોલેજો (***પોલિટેકનિક, એમ. કે. અમીન આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ અને કૉલેજ ઓફ કૉમર્સ, પાદરા તથા બરોડા સંસ્કૃત મહાવિદ્યાલય***) અને કિન્ડરગાર્ટનથી પીએચ.ડી. સુધીના અભ્યાસક્રમોનો વિશાળ વ્યાપ પ્રદાન કરતા અનેક વિશિષ્ટ કેન્દ્રો અને સંસ્થાઓ છે, જેમાં સહ-અભ્યાસક્રમિક અને અભ્યાસેતર અનુભવોનો ઉત્તમ અવકાશ મળે છે. યુનિવર્સિટી સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કોર્પોરેટ્સ સાથેના ઉત્તમ ઉદ્યોગ-સંસ્થા સહયોગથી શૈક્ષણિક આદાનપ્રદાન, ઇન્ટર્નશિપ, પ્લેસમેન્ટ તથા વિવિધ પ્રવૃત્તિઓ અને માળખાકીય સુવિધાઓ માટેના ભંડોળ દ્વારા પ્રગતિ કરે છે.

## ફેકલ્ટી વિશે

**મગનભાઈ શંકરભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ**, જે **એફ. એમ. એસ -બરોડા** તરીકે લોકપ્રિય છે, તેની સ્થાપના વર્ષ 1984 માં વડોદરા શહેરમાં થઈ હતી. તે ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના આશ્રય હેઠળ ચાલે છે. અભ્યાસક્રમો ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નિકલ એજ્યુકેશન દ્વારા માન્ય છે. સંસ્થા **ફુલ ટાઈમ MBA પ્રોગ્રામ**, **ડોક્ટરલ પ્રોગ્રામ** અને **ત્રણ વર્ષનો એક્ઝિક્યુટિવ MBA પ્રોગ્રામ** પ્રદાન કરે છે. સંસ્થા વિવિધ દૃષ્ટિકોણોની વહેંચણી અને વૈશ્વિક કાર્યસ્થળે નેતૃત્વ માટે જરૂરી કૌશલ્યો વિકસાવવા માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે. અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આજીવન શીખવાની સહિયારી તૈયારીથી જોડાયેલા છે. FMS-B માં શિક્ષણ અને અધ્યયન સહભાગી છે, જે વિદ્યાર્થીઓને ઉચ્ચ સ્તરનું જ્ઞાન, ઊંડી સૂઝ અને વધુ સારી સમજ આપે છે.

## સેમિનાર વિશે

રાષ્ટ્રીય સેમિનાર 2026 **AICTE - VAANI** દ્વારા પ્રાયોજિત છે, જેનો વિષય ***"વિકસિત ભારત 2047: હરિત અર્થતંત્ર માટે ઊર્જા સંક્રમણ, ટકાઉપણું અને આબોહવા સ્થિતિસ્થાપકતાનું વ્યૂહાત્મક સંચાલન"*** છે. તકનીકી શિક્ષણમાં પ્રાદેશિક ભાષાઓને પ્રોત્સાહન આપવાના હેતુ સાથેનો આ સેમિનાર શિક્ષણવિદો, સંશોધકો, ઉદ્યોગ નિષ્ણાતો, નીતિ નિર્માતાઓ અને વિદ્યાર્થીઓને એકત્ર લાવી વર્તમાન વૈશ્વિક પડકારો પર ગંભીર ચર્ચાઓ કરાવવાનું લક્ષ્ય ધરાવે છે. સેમિનારમાં નાણાકીય વ્યવસ્થાપન, હ્યુમન રીસોર્સ, માર્કેટિંગ, ઓપરેશન્સ મેનેજમેન્ટ, ઊભરતી ટેકનોલોજી અને નીતિગત માળખાઓ સંબંધિત, હરિત અર્થતંત્ર માટેના ઊર્જા સંક્રમણ, ટકાઉપણું અને આબોહવા સ્થિતિસ્થાપકતા અંગેની વ્યવસ્થાપન વ્યૂહરચનાઓ પર ચર્ચા થશે. વિવિધ દૃષ્ટિકોણો દ્વારા, આ કાર્યક્રમ એવું સહયોગી મંચ વિકસાવવા માગે છે, જ્યાં જ્ઞાનની વહેંચણી, વિચારો અને કાર્યક્ષમ ઉકેલો ભવિષ્ય માટે ટકાઉ અને સ્થિતિસ્થાપક વ્યવસાય મોડેલ ઊભા કરવામાં યોગદાન આપી શકે.

## ઉદ્દેશો

AICTE-VAANI પ્રાયોજિત આ 2 દિવસીય રાષ્ટ્રીય સેમિનાર **ગુજરાતી** અને **અંગ્રેજી** (દ્વિભાષી) ભાષામાં યોજાશે અને તેના ઉદ્દેશો આ મુજબ છે:

- ઊર્જા, ટકાઉપણું અને આબોહવા પરિવર્તન તથા તેના વિવિધ વ્યવસ્થાપકીય પાસાઓ અને સંકળાયેલી જટિલતાઓ અંગે હિતધારકોમાં જાગૃતિ લાવવી અને જ્ઞાનની આપ-લે સરળ બનાવવી.
- ઊર્જા અને ટકાઉપણા સંબંધિત શબ્દોની દ્વિભાષી તકનીકી શબ્દાવલિ (ગુજરાતી - અંગ્રેજી) વિકસાવવી, જે ભવિષ્યના વિદ્યાર્થીઓ અને સ્થાનિક ઉદ્યોગસાહસિકોને મદદરૂપ થાય.
- ઉન્નત ભારત અભિયાનના ઉદ્દેશોનું નેટ-ઝીરો 2070 લક્ષ્યો હાંસલ કરવા સાથેનું સંરેખણ, ખાસ કરીને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (HEIs) અને વિદ્યાર્થીઓને સામેલ કરીને, મૂલ્યાંકન કરવું.
- ભારતના વિકસિત ભારત @2047 વિઝન અને નેટ-ઝીરો 2070 લક્ષ્યો સાથે સુસંગત વ્યવસાયિક વ્યૂહરચનાઓનું, ખાસ કરીને ગુજરાતના ઔદ્યોગિક પરિદૃશ્ય માટે, મૂલ્યાંકન કરવું.
- ESG માળખાઓ, ટકાઉપણાની માનવીય બાજુ અને 2025 પછીના બજારમાં પર્યાવરણ-અનુકૂળ બ્રાન્ડ્સ તરફ ગ્રાહક વર્તણૂકમાં આવતા બદલાવોના આંતરસંબંધ પર ચર્ચા કરવા માટે સંશોધકો અને વ્યવસાયીઓને બહુશાખાકીય મંચ પૂરો પાડવો તથા ઊર્જા વપરાશને અનુકૂળ બનાવવામાં અને ટકાઉ પુરવઠા શૃંખલાઓ સર્જવામાં ઇન્ડસ્ટ્રી 4.0 ટેકનોલોજીની ભૂમિકાને ઓળખવી અને તેનું વિશ્લેષણ કરવું.
- પરંપરાગત ભારતીય પદ્ધતિઓ / ભારતીય જ્ઞાન પરંપરા (IKS) ના ઉપયોગોનું અન્વેષણ કરવું અને ઊર્જા, ટકાઉપણું તથા આબોહવા પરિવર્તનના વ્યવસ્થાપનમાં તેઓ કેવી રીતે મૂલ્યવૃદ્ધિ કરે છે તે જાણવું.

## અપેક્ષિત પરિણામો

સેમિનારના નીચે મુજબના પરિણામોની અપેક્ષા છે:

- સેમિનારના વિષયને અનુરૂપ જ્ઞાનનો સંગ્રહ તૈયાર કરવા માટે ગુજરાતી તેમજ અંગ્રેજી બંને ભાષાઓમાં સંશોધન પત્રો સમાવતી સેમિનાર સ્મરણિકા / સંશોધન જર્નલનું પ્રકાશન.
- સ્થાનિક એમએસએમઈ(MSMEs) માટે પ્રાદેશિક ઊર્જા પડકારો પર સેમિનારનો સારાંશ આપતું એક વ્હાઇટ પેપર તૈયાર કરવામાં આવશે.
- મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ માટે ઉદ્યોગો સાથેના આગામી પ્રોજેક્ટ્સ માટેના વિચારો વિકસાવવા, જેથી ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની મેનેજમેન્ટ સ્ટડીઝ ફેકલ્ટી અને ઉદ્યોગો/કોર્પોરેટ્સ/એનજીઓ વચ્ચે સહયોગ મજબૂત બને.
- સેમિનારના અંતે યુવા ઊભરતા વ્યવસાયીઓ, અધ્યાપકો અને સંશોધકોનું એક જૂથ “ગ્રીન મેનેજમેન્ટ સેલ” સ્થાપવા માટે તૈયાર હશે, જે સમાજમાં યોગદાન આપશે તેમજ ઉદ્યોગ-શિક્ષણજગતના સંવાદને વધુ મજબૂત કરશે.

## કોણ નોંધણી કરાવી શકે?

AICTE માન્ય સંસ્થાઓમાંથી - પોસ્ટ ગ્રેજ્યુએટ મેનેજમેન્ટ વિદ્યાર્થીઓ અને શિક્ષણવિદો, સંશોધન વિદ્વાનો, વિવિધ ઉદ્યોગોના વ્યવસાયીઓ અને નિષ્ણાતો તથા સમગ્ર દેશના નીતિ નિર્માતાઓ.

| | |
|---|---|
| **નોંધણી લિંક:** https://atalacademy.aicte.gov.in | **અરજી ક્રમાંક: 2613046787** |

## નોંધણી કેવી રીતે કરવી?

| | |
|---|---|
| 1 | https://atalacademy.aicte.gov.in/login પર ક્લિક કરો |
| 2 | તમારા ઇ-મેઇલ ID નો ઉપયોગ કરીને લૉગિન અથવા રજિસ્ટર કરો અને તમારું NOC અપલોડ કરો (NOC નો નમૂનો પોર્ટલ પર ઉપલબ્ધ છે) |
| 3 | "FDPs" વિભાગ હેઠળ ફિલ્ટર લાગુ કરો – FDP, Type: VAANI, Mode: Offline, Month (મહિનો) પસંદ કરો, Area/Emerging Field: Energy Sustainability and Climate Change પસંદ કરો. |
| 4 | આ શીર્ષકવાળી કોન્ફરન્સ શોધો: Viksit Bharat 2047: Strategic Management of Energy Transition, Sustainability, and Climate Resilience for a Greener Economy. |
| 5 | અરજી કરવા માટે "+" આઇકન પર ક્લિક કરો. |

**નોંધણી ફી: નોંધણી અને પ્રકાશન માટે કોઈ ફી નથી**

| | |
|---|---|
| **મોડ: ઓફલાઇન** | **નોંધણીની છેલ્લી તારીખ: 20/11/2026** |

**દ્વિભાષી સેમિનાર: મુખ્યત્વે ગુજરાતીમાં, દ્વિભાષી (ગુજરાતી - અંગ્રેજી) સહાય સાથે**

## નોંધણી માટે:

| | |
|---|---|
| **પ્રો. (ડૉ.) સુનિતા શર્મા** (સંયોજક),<br>સંપર્ક નંબર: 9825459142 | **મિસ. સ્મિતા ત્રિવેદી** (સહ-સંયોજક),<br>સંપર્ક નંબર: 9824083368 |

**જે સહભાગીઓની હાજરી ઓછામાં ઓછી 80% અને સેમિનાર પછીની કસોટીમાં ઓછામાં ઓછા 50% ગુણ હશે, તે તમામ સહભાગીઓને AICTE-VAANI પોર્ટલ દ્વારા ઈ-પ્રમાણપત્ર આપવામાં આવશે.**

**વેબપેજ લિંક:** https://aictevaanifmsb.in/

## સંશોધન પત્રો અને પોસ્ટર પ્રસ્તુતિ માટે આમંત્રણ

**અમે શિક્ષણવિદો, સંશોધકો, પી.એચ.ડી. વિદ્વાનો, ઉદ્યોગ નિષ્ણાતો અને વ્યવસાયીઓ તથા નીતિ નિર્માતાઓ પાસેથી નીચેના વિષયો પર સંશોધન પત્રો આમંત્રિત કરીએ છીએ.**

**પસંદ કરાયેલા પેપર્સ યુનિવર્સિટીના પીઅર-રિવ્યુડ જર્નલમાં પ્રકાશિત કરવામાં આવશે.**

| એબ્સ્ટ્રેક્ટ સબમિશન માટેની છેલ્લી તારીખ: | એબ્સ્ટ્રેક્ટ સ્વીકૃતિ માટેની છેલ્લી તારીખ: | સંપૂર્ણ પેપર સબમિશન માટેની છેલ્લી તારીખ: | પેપર સ્વીકૃતિ માટેની છેલ્લી તારીખ: |
|---|---|---|---|
| **15/10/2026** | **17/10/2026** | **31/10/2026** | **15/11/2026** |

કૃપા કરીને તમારો એબ્સ્ટ્રેક્ટ પીડીએફ તેમજ વર્ડ ફાઇલમાં પૂરું નામ, થીમ, સંસ્થા/સંગઠનનું નામ, સંશોધન પત્ર / પોસ્ટર પ્રસ્તુતિ વગેરે માહિતી સાથે vaanifms2026@gmail.com પર મોકલો.

## સેમિનારના મુખ્ય વિષય અને ઉપવિષયો

### 1. નાણાં અને અર્થશાસ્ત્ર (ગ્રીન ફાઇનાન્સ અને વેલ્યુએશન)

- **રોકાણ પોર્ટફોલિયોમાં ESGનું એકીકરણ:** પરંપરાગત રોકાણ વ્યવસ્થાપનમાંથી ટકાઉ અને જવાબદાર સંપત્તિ વ્યવસ્થાપન તરફ થઈ રહેલા પરિવર્તનનું વિશ્લેષણ.
- **આબોહવા-સંબંધિત નાણાકીય ખુલાસાઓ (TCFD):** કંપનીના સરવૈયા (બેલેન્સ શીટ) પર આબોહવા પરિવર્તનના નાણાકીય જોખમોનું મૂલ્યાંકન.
- **ગ્રીન બોન્ડ્સ અને ટકાઉ ઋણ બજારો:** ભારતીય પરિપ્રેક્ષ્યમાં માળખાકીય વિકાસ માટે નાણાકીય ભંડોળ ઊભું કરવાની તકોનું વિશ્લેષણ.
- **કાર્બન ક્રેડિટ એકાઉન્ટિંગ અને ટ્રેડિંગ:** સ્વૈચ્છિક અને ફરજિયાત કાર્બન બજારોનું વ્યવસ્થાપન.
- **નેટ-ઝીરો સંક્રમણમાં બેંકિંગની ભૂમિકા:** ટકાઉ ગ્રામીણ ઉદ્યોગસાહસિકતા માટે ગ્રીન ધિરાણ નિયમનકારી નીતિઓ અને માઇક્રોફાઇનાન્સ.

### 2. માનવ સંસાધન વ્યવસ્થાપન (હરિત કાર્યબળ)

- **ગ્રીન માનવ સંસાધન વ્યવસ્થાપન (Green HRM) પદ્ધતિઓ:** ભરતી, તાલીમ અને કાર્યક્ષમતા મૂલ્યાંકનની પ્રક્રિયામાં પર્યાવરણીય ટકાઉપણાને એકીકૃત કરવું.
- **ટકાઉપણા માટે પરિવર્તન વ્યવસ્થાપન:** પર્યાવરણમૈત્રી કામગીરી તરફ પરિવર્તન દરમિયાન સંસ્થાકીય જડતા અને પરિવર્તન સામેના પ્રતિકારને દૂર કરવાની વ્યૂહરચનાઓ.
- **હરિત અર્થતંત્ર માટે કૌશલ્ય વર્ધન:** ઊર્જા ક્ષેત્રમાં પ્રવર્તમાન કૌશલ્યની ખામીઓ ઓળખીને મેનેજમેન્ટ સ્નાતકોને ભવિષ્યની હરિત અર્થવ્યવસ્થા માટે તૈયાર કરવા.
- **સામાજિક જવાબદારીમાં કર્મચારી સહભાગિતા:** પર્યાવરણ સંરક્ષણ અને જવાબદાર વ્યવહારને પ્રોત્સાહન આપતી સંસ્થાકીય સંસ્કૃતિનું નિર્માણ.
- **વધતા વૈશ્વિક તાપમાનના સમયમાં કર્મચારી સ્વાસ્થ્ય અને ઉત્પાદકતા:** આબોહવા પરિવર્તનથી ઊભા થતા તણાવ અને પર્યાવરણીય જોખમો વચ્ચે કર્મચારીઓના સ્વાસ્થ્ય, સુખાકારી અને ઉત્પાદકતાનું અસરકારક વ્યવસ્થાપન.

### 3. માર્કેટિંગ મેનેજમેન્ટ (નૈતિક વપરાશ અને ગ્રીન બ્રાન્ડ્સ)

- **ગ્રીન માર્કેટિંગ વિરુદ્ધ ગ્રીનવોશિંગ:** પ્રામાણિક અને વિશ્વસનીય પર્યાવરણીય સંદેશાવ્યવહાર દ્વારા બ્રાન્ડની વિશ્વસનીયતા અને મજબૂત બ્રાન્ડ ઈમેજનું નિર્માણ કરવાની વ્યૂહરચનાઓ.
- **ગ્રાહક વર્તણૂક અને ટકાઉ પસંદગીઓ:** ઊભરતા બજારોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃત ગ્રાહકોની માનસિકતા અને તેમની ટકાઉ ખરીદી પસંદગીઓને સમજવી.
- **સર્ક્યુલર અર્થતંત્ર અને પ્રોડક્ટ લાઇફસાયકલ માર્કેટિંગ:** પુનઃઉપયોગી, નવીનીકૃત (refurbished) અને પુનઃચક્રિત ઉત્પાદનોને પ્રોત્સાહન.
- **ટકાઉપણા માટે ડિજિટલ માર્કેટિંગ:** પર્યાવરણીય હિમાયત માટે સોશિયલ મીડિયા અને AI નો ઉપયોગ. **ઇકો-લેબલિંગ અને પ્રમાણપત્રો:** બ્રાન્ડ પ્રત્યે ગ્રાહકોના વિશ્વાસ અને આંતરરાષ્ટ્રીય બજારની સ્પર્ધાત્મકતા પર અસર.

### 4. ઓપરેશન્સ અને સપ્લાય ચેઇન મેનેજમેન્ટ (સર્ક્યુલર અને કાર્યક્ષમ પ્રણાલીઓ)

- **ટકાઉ સપ્લાય ચેઇન ડિઝાઇન:** સ્થાનિક સોર્સિંગ અને લોજિસ્ટિક્સ ઑપ્ટિમાઇઝેશન દ્વારા વેલ્યુ ચેઇન દ્વારા થતા કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવો.
- **વેસ્ટ-ટુ-એનર્જી (WTE) મેનેજમેન્ટ:** ઉત્પાદનમાં 3R (ઘટાડો, પુનઃઉપયોગ, પુનઃચક્રણ) સિદ્ધાંતોનું અમલીકરણ.
- **ઊર્જા વ્યવસ્થાપનમાં AI અને IoT:** સંસાધન વપરાશ અને ઔદ્યોગિક ઊર્જા કાર્યક્ષમતાનું રિયલ-ટાઇમ મોનિટરિંગ.
- **રિવર્સ લોજિસ્ટિક્સ:** ટકાઉ નિકાલ અથવા રિફર્બિશિંગ માટે ઉત્પાદનોના પરત પ્રવાહનું અસરકારક વ્યવસ્થાપન.
- **ગ્રીન ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઇન્વેન્ટરી કંટ્રોલ:** ઓછા કાર્બન ફૂટપ્રિન્ટ માટે "ડાર્ક સ્ટોર્સ" અને "ક્વિક કૉમર્સ" ને ઑપ્ટિમાઇઝ કરવા.

## લેખકો માટે માર્ગદર્શિકા

**1. લેખો જર્નલમાં નીચેની સમજૂતી સાથે સ્વીકારવામાં આવે છે કે:**

(i) તેઓ પીઅર રિવ્યૂને આધીન છે અને

(ii) તેઓ અન્ય કોઈ જર્નલમાં સંપૂર્ણપણે કે આંશિક રીતે પ્રકાશિત થયા નથી કે થશે નહીં

(iii) તેમની આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત પ્રમાણભૂત સૉફ્ટવેર દ્વારા સાહિત્યચોરી (plagiarism) ની તપાસ કરવામાં આવશે

**2. JMSUST માં પ્રકાશન માટે સબમિટ કરાયેલા લેખો નીચે મુજબ હોવા જોઈએ:**

i. ટૂંકા સંશોધન લેખો (Short communications): આકૃતિઓ અને કોષ્ટકો સહિત 2000 શબ્દો

ii. સંશોધન લેખો: આકૃતિઓ અને કોષ્ટકો સહિત 2000-4000 શબ્દો

iii. વ્યાપક સમીક્ષાઓ: આકૃતિઓ અને કોષ્ટકો સહિત 6000 શબ્દો

**3. સબમિટ કરાયેલા લેખો પ્રમાણભૂત MS Word સૉફ્ટવેરમાં .docx ફોર્મેટમાં અને એક જ સ્તંભ (single column) માં હોવા જોઈએ.**

**4. તમામ સબમિટ કરાયેલા લેખોની રચના નીચેના ક્રમમાં હોવી જોઈએ: શીર્ષક: ટાઈમ્સ ન્યૂ રોમન, બોલ્ડ ફોન્ટ અને 14 ફોન્ટ સાઇઝ.**

એડ્રેસ: ટાઈમ્સ ન્યૂ રોમન ફોન્ટ અને 12 ફોન્ટ સાઇઝ.

એબ્સ્ટ્રેક્ટ: ટાઈમ્સ ન્યૂ રોમન ફોન્ટ અને 12 ફોન્ટ સાઇઝ, 250 શબ્દોથી વધુ નહીં અને સિંગલ સ્પેસિંગમાં. પ્રસ્તાવના: ટાઈમ્સ ન્યૂ રોમન અને 12 ફોન્ટ સાઇઝ, ડબલ સ્પેસિંગ સાથે

સામગ્રી અને પદ્ધતિઓ

પરિણામો, ચર્ચા, નિષ્કર્ષ, સ્વીકૃતિઓ, સંદર્ભો, કોષ્ટકો અને આકૃતિઓ

**5. તમામ સંદર્ભો લખાણમાં આવે તે ક્રમમાં ક્રમાંકિત અને ચોરસ બ્રેકેટમાં નીચે દર્શાવેલ ફોર્મેટમાં હોવા જોઈએ:**

[1]. R. Murali, A. K. Rakshit, C. N. Murthy, Studies on the different colloids in the water bodies of Narmada, J. Ind. Chem. Soc., 9(4), 477, 2014.

[2]. P. W. Atkins, “The Elements of Physical Chemistry”, 3rd Ed., Oxford University Press, 2001

## આયોજન સમિતિ

| | |
|---|---|
| ચીફ પેટ્રોન<br>રાજમાતા શુભાંગિની રાજે ગાયકવાડ<br>કુલાધિપતિ<br>ધ એમ. એસ. યુ બરોડા | પેટ્રોન<br>પ્રો. ભાલચંદ્ર એમ. ભાનગે<br>કુલપતિ<br>ધ એમ. એસ. યુ બરોડા |
| **સંયોજક**<br>પ્રો. (ડૉ.) સુનિતા શર્મા<br>સંપર્ક નંબર: 9825459142 | **સહ-સંયોજક**<br>મિસ. સ્મિતા ત્રિવેદી<br>સંપર્ક નંબર: 9824083368 |
| ડૉ. ભાર્ગવ પંડ્યા<br>સંપર્ક નંબર: 9879644804 | ડૉ. પૂજા સિંગ<br>સંપર્ક નંબર: 8469000112 |
| વેદાંત અમીન<br>સંપર્ક નંબર: 9904720831 | પૂજા ચૌહાણ<br>સંપર્ક નંબર: 9023455751 |
| અનિરુદ્ધસિંહ રાઠોડ<br>સંપર્ક નંબર: 8980900791 | યશ વણકર<br>સંપર્ક નંબર: 7874547093 |

# આભાર.